# અમદાવાદની સ્વનિર્ભર બી.એડ્. કોલેજોના શિક્ષક-પ્રશિક્ષકોના તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોનો અભ્યાસ

## ૧. પ્રસ્તાવના

કોઈપણ વ્યવસાયની સફળતાનો આધાર તે વ્યવસાયનાં સંલગ્ન વ્યવસાયિકો પર રહેલો છે. આ માટે વ્યવસાયિકે તે વ્યવસાયને સફળ બનાવવા માટે અદ્યતન વ્યાવસાયિક જ્ઞાનથી સજ્જ રહેવું પડે છે. આ ઉપરાંત તેનામાં વ્યવસાય પ્રત્યે નિષ્ઠા અને પ્રતિબદ્ધતા હોવા જોઈએ. સમાજમાં શિક્ષણ એક એવો વ્યવસાય છે કે જેણે સમાજમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે. શિક્ષણ એ જીવન વિકાસની કરોડરજ્જુ છે, તો શિક્ષક-પ્રશિક્ષણ શિક્ષણના વિકાસની કરોડરજ્જુ છે. શિક્ષક-પ્રશિક્ષણ દ્વારા શિક્ષણની ગુણવત્તા સિદ્ધ થાય છે. શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન પામતી પરિસ્થિતિઓના સંદર્ભમાં જ્ઞાનનો અભૂતપૂર્વ વિસ્ફોટને પહોંચી વળવા માટે શિક્ષણક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન લાવવું પડશે. શિક્ષણ આ પરિસ્થિતિમાં પડકારો ઝીલી શકે તે માટે શિક્ષકે સજ્જ રહેવું પડશે. આ પરિસ્થિતિમાં શિક્ષકને અદ્યતન રીતે સજ્જ કરવા માટે શિક્ષક-પ્રશિક્ષણ મહત્ત્વનું પરિબળ બની રહેશે, જે સૂઝવાળા તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કરવા અર્થે અને રાષ્ટ્રનું નવનિર્માણ કરવા મદદરૂપ થશે.નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિક્તાથી કોઈપણ કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ કરી શકાય છે. કોઈપણ કાર્યની સફળતા અને કાર્ય કરવાનો સંતોષ વ્યક્તિની નિષ્ઠા અને પ્રામાણિક્તા ઉપર આધારિત છે. આ રીતે કાર્ય કરવાથી માનસિક સંતોષ પણ થાય છે. સમાજનું અને પાયાની કેળવણીનું સ્તર ઊંચુ લાવવા માટે એક મહત્ત્વના પરિબળ તરીકે શિક્ષક-પ્રશિક્ષણને ગણી શકાય. આથી શિક્ષક-પ્રશિક્ષક પોતાના વ્યવસાય પ્રત્યે કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક, કાર્યક્ષમ, સક્રિય, નવોન્મેષોને સ્વીકારનાર, સમય સાથે તાલ મિલાવનાર તેમજ દીર્ઘદ્દષ્ટા હોવો જોઈએ. શિક્ષક-પ્રશિક્ષક તો રાષ્ટ્રનો ઘડવૈયો, નવી પેઢીને ઉછેરનાર, માળી ગણાયો છે. તેના કાર્યોની અસર લાંબાગાળા સુધી રહેવાની છે.આ અભ્યાસ સ્વનિર્ભર બી.એડ્. કોલેજાનાં શિક્ષક-પ્રશિક્ષકો સાથે સંકળાયેલ છે. વર્તમાન સમયમાં અનુદાનિત કોલેજોની સાથે સાથે બિનઅનુદાનિત (સ્વનિર્ભર) કોલેજોની સંખ્યામાં ધરખમ વધારો થતો જોવા મળે છે. આજે એવું માનવામાં આવે છે કે સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકો પોતાના વ્યવસાય પ્રત્યે વફાદાર અને કર્તવ્યનિષ્ઠ રહ્યા નથી, તો તેનું કારણ શું શિક્ષક-પ્રશિક્ષકોને મળતા બદલાને જવાબદાર ગણી શકાય ? શું અસમાન પગારધોરણને જવાબદાર ગણી શકાય? શું કાર્યની અયોગ્ય વહેંચણીને ગણી શકાય ? આવાં અનેક કારણોના લીધે શિક્ષક-પ્રશિક્ષકોમાં પોતાના વ્યવસાય પ્રત્યે નકારાત્મક વલણ જોવા મળે છે. અને જેનાથી તેમનું અધ્યાપનકાર્ય અસરકારક બનતું નથી.

શિક્ષણમાં જ્યારે એક શિક્ષકનું મહત્ત્વ ઝાડના મૂળ સમાન છે, ત્યારે સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં ભવિષ્યમાં જે વ્યક્તિઓ શિક્ષક બનીને બાળકોનાં ભાવિનું ઘડતર કરવાના છે, તેવી વ્યક્તિઓને શિક્ષક-પ્રશિક્ષણ આપતા શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમનાં વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોનો અભ્યાસ કરવા માટે પ્રસ્તુત લઘુશોધ નિબંધ હાથ ધરવામાં આવ્યો છે.પ્રસ્તુત અભ્યાસમાં પૃથક્કરણ માટે પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલનની ગણતરી કરવામાં આવી હતી અને

ઉત્કલ્પનાની ચકાસણી માટે ક્રાંતિક ગુણોત્તર (t-મૂલ્ય)ની ગણતરી કરવામાં આવી હતી.. મેળવેલ પરિણામના આધારે સમગ્ર નિદર્શ જૂથની દૃષ્ટિએ શિક્ષક-પ્રશિક્ષકોનું તેમના વ્યવસાય પ્રત્યેનું મનોવલણ મધ્યમ કક્ષાનું જોવા મળે છે.

## ૨. અભ્યાસના હેતુઓ

૧. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણો જાણવા અને તેની કક્ષા નક્કી કરવી.

૨. સ્વનિર્ભર બી.એડ્. કોલેજાના શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણો જાતિના સંદર્ભમાં જાણવા અને તેની કક્ષા નક્કી કરવી.

૩. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણો શૈક્ષણિક અનુભવના સંદર્ભમાં જાણવા અને તેની કક્ષા નક્કી કરવી.

૪. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણો પર જાતિની અસર તપાસવી.

૫. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણો પર શૈક્ષણિક અનુભવની અસર તપાસવી.

૬. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણો પર જાતિ અને અનુભવની અસર તપાસવી.

## ૩. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

$Ho_1$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં સ્ત્રી અને પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૪ થી ૬ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૪ થી ૬ વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_5$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_6$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૪ થી ૬ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_7$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૪ થી ૬ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_8$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_9$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૪ થી ૬ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_{10}$ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૪ થી ૬ વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણાંકોના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## ૪. નિદર્શ

અભ્યાસિકાએ પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગુજરાતી માધ્યમની ૧૮ સ્વનિર્ભર બી.એડ્.કોલેજોમાંથી ૬૮ સ્ત્રીઓ અને ૩૩ પુરુષ શિક્ષક-પ્રશિક્ષકો એમ કુલ ૧૦૧ શિક્ષક-પ્રશિક્ષકોની સહેતુક યાદચ્છિક નમૂના પ્રયુક્તિથી પસંદગી કરવામાં આવી હતી.

## ૫. ઉપકરણની રચના

સંશોધન ઉપકરણ તરીકે લિકર્ટ પદ્ધતિ અનુસાર સ્વનિર્મિત વલણ માપદંડની રચના કરવામાં આવી હતી. સંશોધન ઉપકરણની રચના માટે ૮૦ વિધાનોની ૭ શિક્ષક-પ્રશિક્ષકો પર પૂર્વ પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. પૂર્વ પ્રાથમિક અજમાયશને આધારે વલણ માપદંડ તૈયાર કરવામાં આવ્યો. પ્રાથમિક અજમાયશ અમદાવાદ જિલ્લામાં આવેલ અમદાવાદ શહેરની ૮ સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં કુલ ૪૪ શિક્ષક-પ્રશિક્ષકો પર કરી હતી. પ્રાથમિક વલણ માપદંડના પત્રકોનું ગુણાંકન કર્યા બાદ પાત્રોએ મેળવેલા કુલ પ્રાપ્તાંકોને ઉતરતાક્રમમાં ગોઠવી તેને આધારે ઊંચા પ્રાપ્તાંક મેળવનાર ૨૫% અને નીચા પ્રાપ્તાંકો મેળવનાર ૨૫% જૂથના સંદર્ભમાં ટ-મૂલ્ય શોધવામાં આવ્યું હતું. અને ઊંચી કિંમત ધરાવતા ૨૦ હકારાત્મક અને ૨૦ નકારાત્મક વિધાનોની પસંદગી યદચ્છ રીતે કરી અંતિમ વલણ માપદંડની રચના કરવામાં આવી હતી.

## ૮. માહિતી એકત્રીકરણની પ્રવિધિ

માહિતી પ્રાપ્તિની પ્રવિધિએ સંશોધન યોજનાનો આત્મા અને હાર્દ છે. વિશ્વસનીય અને માન્ય માહિતી મેળવવા માટે અભ્યાસિકાએ નીચેનાં પગલાં લીધાં હતાં.

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસિકાએ અમદાવાદ જિલ્લાને વ્યાપવિશ્વ તરીકે લઈ સ્વનિર્ભર બી. એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોની પસંદગી સર્વેક્ષણ પદ્ધતિની રીતે કરી હતી.

- વલણ માપદંડ તૈયાર થઈ ગયા પછી સૌપ્રથમ અભ્યાસિકા દ્વારા અમદાવાદ જિલ્લાની સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં પ્રિન્સિપાલશ્રીની પૂર્વમંજૂરી લેવામાં આવી હતી. અને તે મુજબ સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું.
- અભ્યાસિકા દ્વારા નક્કી કરેક સમય દરમિયાન જે તે બી.એડ્. કોલેજોનાં શિક્ષક-પ્રશિક્ષકોને મળીને આ સંશોધનિકા વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. શિક્ષક-પ્રશિક્ષકોને સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું કે આ અભ્યાસ માટેની માહિતી એમ.એડ્. ના સંશોધનકાર્ય માટે હોવાથી તમારા પ્રતિભાવ ખાનગી રાખવામાં આવશે.

- શિક્ષક-પ્રશિક્ષકોને સમગ્ર સૂચના આપ્યા પછી અંતિમ વલણ માપદંડમા પત્રકો દ્વારા પ્રતિચાર મેળવવામાં આવ્યા હતાં. આમ, અમદાવાદ જિલ્લાના વ્યાપવિશ્વમાંથી સહેતુક યાદચ્છિક નિદર્શ પદ્ધતિ અનુસાર ૧૦૧ શિક્ષક-પ્રશિક્ષકો પસંદ કરી માહિતી એકત્રીત કરવામાં આવી હતી. મોટાભાગના શિક્ષક-પ્રશિક્ષકોએ વલણ માપદંડ તુરંત જ ભરીને પાછું આપ્યું હતું. શિક્ષક-પ્રશિક્ષકોને આ સંશોધનિકાના પ્રતિચારો માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. અંતિમ વલણ માપદંડ દ્વારા મેળવવામાં આવેલ કુલ ૧૦૧ શિક્ષક-પ્રશિક્ષકોનાં પ્રતિચારોની ચકાસણી કર્યા બાદ તેનું આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અંતિમ વલણ માપદંડ કસોટીની અજમાયશ માટે પ્રાથમિક અજમાયશમાં લેવામાં આવેલ બી.એડ્. કોલેજોને પસંદ કરવામાં આવી ન હતી.

## ૬. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં પૃથક્કરણ માટે પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલનની ગણતરી કરવામાં આવી હતી અને ઉત્કલ્પનાની ચકાસણી માટે ક્રાંતિક ગુણોત્તર (t-મૂલ્ય)ની ગણતરી કરવામાં આવી હતી..

## ૭. અભ્યાસનાં તારણો

અભ્યાસિકાએ સંશોધન દરમિયાન પ્રાપ્ત કરેલ માહિતીના આધારે, આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી મેળવેલા પરિણામોના આધારે તારવેલાં તારણો આ પ્રમાણે છે.

૧. ૧૪૫ થી વધુ ગુણ ધરાવનાર શિક્ષકો-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યે ઉચ્ચ કક્ષાનું મનોવલણ ધરાવે છે. ૧૩૫ થી ૧૪૫ વચ્ચેના ગુણ ધરાવનાર શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યે મધ્યમ કક્ષાનું તથા ૧૪૫ થી ઓછા ગુણ ધરાવનાર શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યે નિમ્ન કક્ષાનું મનોવલણ ધરાવે છે.

૨. સમગ્ર નિદર્શ જૂથની દષ્ટિએ શિક્ષક-પ્રશિક્ષકોનું તેમના વ્યવસાય પ્રત્યેનું મનોવલણ મધ્યમ કક્ષાનું જોવા મળે છે.

૩. સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકો પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોની તુલનામાં તેમના વ્યવસાય પ્રત્યેનું ઉચ્ચ કક્ષાનું મનોવલણ ધરાવે છે. જ્યારે પુરુષ શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યેનું મધ્યમ કક્ષાનું મનોવલણ ધરાવે છે.

૪. ૧ થી ૩ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યે મધ્યમ કક્ષાનું, ૪ થી ૬ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યે ઉચ્ચ કક્ષાનું અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યે મધ્યમ કક્ષાનું મનોવલણ ધરાવે છે.

૫. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકો અને પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં સાર્થક તફાવત જોવા મળે છે. એટલે કે સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકો પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોની સરખામણીમાં તેમના વ્યવસાય પ્રત્યે ચઢિયાતું મનોવલણ ધરાવે છે.

૬. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૭. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૪ થી ૬ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૮. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૪ થી ૬ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષક-પ્રશિક્ષકો તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૯. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોના તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૧૦. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૪ થી ૬ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૧૧. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૪ થી ૬ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પુરુષ શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૧૨. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

૧૩. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૪ થી ૬ વર્ષ અને ૬ થી વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવાસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

14. સ્વનિર્ભર બી.એડ્. કોલેજોનાં ૧ થી ૩ વર્ષ અને ૪ થી ૬ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા સ્ત્રી શિક્ષક-પ્રશિક્ષકોનાં તેમના વ્યવસાય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી

## સંદર્ભસૂચિ

૧. રાવલ, વિ. નટુભાઈ (૨૦૧૧). કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ.. નીરવ પ્રકાશન(પ્રથમ આવૃત્તિ), અમદાવાદ.

૨. આચાર્ય મોહિની (૨૦૦૯). શિક્ષક-શિક્ષણ. અક્ષર પબ્લિકેશન (દ્વિતીય આવૃત્તિ),અમદાવાદ.

૩. અંધારિયા રવિન્દ્રભાઈ (૨૦૧૧). શિક્ષક-પ્રશિક્ષણ. વારિષેણ પ્રકાશન (અદ્યતન આવૃત્તિ), અમદાવાદ.

૪. રાવલ નટુભાઈ વિ. ૨૦૦૪. વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક. (અદ્યતન પ્રથમ આવૃત્તિ), નીરવ પ્રકાશન, અમદાવાદ.

૫. દેસાઈ હરિભાઈ જી. અને દેસાઈ કૃષ્ણકાંત જી. (૧૯૭૩), સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.. અમદાવાદ :યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૬. રાવલ નટુભાઈ વિ. અને અન્ય ૨૦૧૧. શિક્ષક-પ્રશિક્ષણ. નીરવ પ્રકાશન, અમદાવાદ.

૭. દેસાઈ કૃષ્ણકાંત જી. (૧૯૭૯). શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શનની પ્રવિધિઓ..અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૮. દેસાઈ ધનવંત (૧૯૯૨). શૈક્ષણિક આયોજન..અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૯. શાહ હેમા તેજસ અને પટેલ જીનલ (૨૦૧૨). શૈક્ષણિક સંશોધનનું સ્વરૂપ. (પ્રથમ આવૃતિ). અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

૧૦. ઉચાટ દિનેશચંદ્ર એ. (૨૦૦૪). માહિતી પર સંશોધન વ્યવહારો. રાજકોટઃ વાસુકિ પ્રિન્ટિંગ પ્રે..

૧૧. દવે રવિન્દ્ર (૧૯૯૫). ગતિશીલ શિક્ષણ.અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.